# જન્મદિને વધામણી


સુવાસ બારોટ
એક્ઝી. ડાયરેક્ટર, ઇન્ફોસિટી
મો. ૯૦૯૯૯ ૩૯૮૭૯


રિદ્ધિ અક્ષયકુમાર ઠાકોર
મો. ૯૭૨૪૯ ૯૮૯૦૬


રિદ્ધિ અક્ષયકુમાર ઠાકોર
મો. ૯૭૨૪૯ ૯૮૯૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસ જી સ્કૂલ ખાતે ફ્લોર પેઈન્ટિંગ સ્પર્ધા યોજાઈ



## ધો-પથી ૮ના દરેક હાઉસના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો : ઑરેન્જ હાઉસ પ્રથમ ક્રમે વિજેતા બન્યું

એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં બુધવારે ફ્લોર પેઈન્ટિંગ સ્પર્ધા યોજાઈ ગઈ. બાળકોમાં સર્જનાત્મક વિકાસ થાય તે હેતુથી તા-૭-૧૨-૨૦૧૬ ને બુધવારના રોજ ધો-પ થી ૮ના વિધ્યાર્થીઓ માટે હાઉસ પ્રમાણે ફ્લોર પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન થયું. આ પ્રવૃતિ દ્વારા બાળકોમાં રહેલી ચિત્રકળા નિખારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેમાં ધો-પથી ૮ના દરેક હાઉસના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ નંબર ઓરેંજ હાઉસે મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં ચિત્ર શિક્ષક પંકજ સર અને સ્નેહલ મેડમ બાળકોના માર્ગદર્શક રહ્યા હતા. આ કાર્યક્રમના નિર્ણાયક તરીકે સુખરામ સર તેમજ દિવ્યા મેડમે પોતાની સેવાઓ આપી હતી.

# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર ખાતે ગ્રાન્ડ પૅરેન્ટ્સ ડેની અનોખી ઉજવણી



## માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવની લુપ્ત થતી જતી પ્રાચીન સંસ્કૃતિને શાળામાં પુનર્જીવિત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૭

વૈવિધ્યસભર સહ અભ્યાસ પ્રવૃત્તિઓથી ધમધમતી અને કૃતિશીલ બાળકોથી થનગનતી ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરમાં 'ગ્રાન્ડ પૅરેન્ટ્સ ડે'ની ઉજવણી ભાવ-ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

આ પ્રસંગે માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવની લુપ્ત થતી જતી પ્રાચીન સંસ્કૃતિને શાળામાં પુનર્જીવિત કરવામાં આવી હતી. સવાર થતાં જ્યારે વિદ્યાર્થીઓનાં દાદા-દાદી શાળામાં ઉપસ્થિત થયાં ત્યારે ભરશિયાળે વસંત મહેંકી ઊઠી હોય એવું દૃશ્ય સર્જાયું હતું.

દાદા-દાદીને સન્માનિત કરતાં આ કાર્યક્રમમાં ઢોલ સાથે પુષ્પવર્ષા કરીને તેમને આવકારવામાં આવ્યાં. વિદ્યાર્થીઓ દ્વારા દાદા-દાદીને સમર્પિત ડાન્સ પણ પ્રસ્તુત કરવામાં આવ્યા. મ્યુઝિકલ ચૅર, પાસિંગ ધ બૉલ, એકબીજાને ગમતાં રહીએ જેવી મનોરંજક ગેમ્સ રમીને વડીલો ખૂબ રોમાંચક થયાં હતાં. કાર્યક્રમના અંત ભાગમાં દાદા-દાદી દ્વારા આપવામાં આવેલા પ્રતિભાવ શાળા માટે ઉત્સાહપ્રેરક રહ્યા હતા. દાદા-દાદીએ કહ્યું હતું, 'ભવિષ્યમાં બીજા સરદાર, નહેરુ અને ગાંધીજી આ જ શાળામાંથી જન્મ લેશે.'

# પિતા-પુત્રીઓના જન્મદિન એકસાથે


ગાંધીનગર સમાચારના કટારલેખક અને કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન કંપનીમાં મૅનેજર તરીકે કાર્યરત, ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે આઠમી ડિસેમ્બરે છે. એમની વિશ્વકર્મા એન્જિનીયરિંગ કૉલેજમાં અભ્યાસ કરતી મોટી દીકરી રિદ્ધિ અને માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં અભ્યાસ કરતી દીકરી અનન્યાનો જન્મદિવસ પણ એ જ દિવસે છે એ યોગાનુયોગ છે. યોગાનુયોગ એ પણ છે કે સંજય થોરાતનાં માતુશ્રી અને સાસુશ્રીનો જન્મદિવસ પણ એક જ દિવસે (પંદરમી ઑગષ્ટ) છે અને એમનાં નાના ભાઈ-બહેનનો જન્મદિવસ પણ એક જ દિવસે છે. એક જ ઘરમાં પિતા અને બે પુત્રીઓનો જન્મદિવસ હોવાથી ઘરમાં આનંદનું વાતાવરણ ત્રેવડાય છે ને ત્રણેય એકમેકને શુભેચ્છાઓ આપે છે !

# ગૂજરાત વિદ્યાપીઠ ખાતે 'વંચિતો માટેનું પત્રકારત્વ' વિષયે પ્રેસ સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૭

ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિને ગુજરાત અનુસૂચિત જાતિ અને જનજાતિના પ્રિન્ટ તથા ઈલૅક્ટ્રોનિક મીડિયા સાથે સંલગ્ન પત્રકારોની ઉપસ્થિતિમાં 'વંચિતો માટેનું પત્રકારત્વ' વિષયે પ્રેસ સેમિનારનું આયોજન ગૂજરાત વિદ્યાપીઠના અહિંસા ભવન સભાગૃહ ખાતે સેવા સંસ્થા 'લક્ષ્ય'ના મોડી ઍમ બી પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સેમિનારમાં જાણીતા કટાર લેખક અને વરિષ્ટ પત્રકાર ચંદુભાઈ મહેરિયા (દલિત અધિકારથી જાણીતા) અને આદિલોકના યુવા તંત્રી ડૉ. આનંદભાઈ વસાવાએ ચાવીરૂપ વક્તવ્યો રજૂ કર્યા હતા.

અધ્યક્ષીય વક્તવ્યમાં ઍમ બી પરમારે જણાવ્યું હતું કે એક સમય હતો કે પત્રકારત્વના વ્યવસાયમાં અનુચૂચિત જાતિ-જનજાતિનું પ્રતિનિધિત્વ નગણ્ય હતું. આજે આ વર્ગોની પોતાનો ન્યૂઝ ચૅનલ્સ પણ સફળતાથી ચાલી રહી છે. આ વર્ગના અનેક દૈનિકો, સામયિકો પણ ચાલી રહ્યાં છે અને પત્રકારત્વની તાલીમ મેળવીને અનેક આશાસ્પદ યુવા ભાઈઓ-બહેનો આ ક્ષેત્રે આગળ વધી રહ્યાં છે. આ સ્થિતિ આનંદ આપનારી છે.

ચંદુ મહેરિયાએ પોતાના ચાવીરૂપ વક્તવ્યમાં સામયિકો ચલાવતાં અને અન્યત્ર પત્રકારત્વ સાથે સંલગ્ન અનુસૂચિત જાતિ, જનજાતિના પત્રકારોની સજ્જતા, સમજ, પ્રતિબદ્ધતા અને ધ્યેય અંગે બહુમૂલ્ય માર્ગદર્શન આપી છાપાંના ફેરિયામાંથી આજે એક મીડિયા ગૃપના મોવડી બનેલા મહારાષ્ટ્રના વરિષ્ટ પત્રકાર ઉત્તમ કાંબલેના જીવનમાંથી પ્રેરિત થવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે પોતાના મનનીય વક્તવ્યમાં ગુજરાતી પત્રકારત્વમાં દલિત સામયિકોના પ્રશસ્ય યોગદાન અને તેની આજની સ્થિતિ અંગેની અત્યંત અભ્યાસપૂર્ણ વિગતો પણ રજૂ કરી હતી. ડૉ. આનંદ વસાવાએ ગુજરાતના સાવ અંતરિયાળ છેડે વસતા આદિવાસી જન સુધી પહોંચેલા, આદિવાસી સમાજની સમસ્યાઓ અને સમાચારોને નિરૂપતા સામયિક આદિલોકની એક દાયકાની સફરને મનનીય શૈલીમાં રજૂ કરીને પત્રકારત્વ ક્ષેત્રે પ્રદાન આપનારા આદિવાસી પત્રકારોની તવારિખ અને તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સાથે રજૂ કરી હતી. પ્રારંભે અજાજ મીડિયા ટ્રસ્ટના પૅટ્રન મૂલચંદ રાણાએ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ અને આયોજન વિશે જ્યારે નટુભાઈ પરમારે અતિથિઓના સ્વાગત સાથે કાર્યક્રમની પૂર્વભૂમિકા રજૂ કરી હતી. સમગ્ર પ્રેસ સેમિનારનું સંચાલન મહામંત્રી ભરત દેવમણીએ કર્યું હતું. આભારવિધિ અરવિંદભાઈ મછારે કરી હતી. સેમિનારમાં ગૂજરાત વિદ્યાપીઠના રજિસ્ટ્રાર રાજેન્દ્રભાઈ ખીમાણી, અભુભાઈ, પ્રૉ. નરેશ ચૌહામ, ગૌતમભાઈ તથા પત્રકારત્વ વિભાગના છાત્રોનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ડાયરેક્ટ ❤ સે

બધા બહુ હોશિયાર હતા
એક હું જ ડોબો નીકળ્યો
જેમાં ભરી લાગણીઓ
એ ખાલી ખોબો નીકળ્યો

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(અંગ્રેજી, ૩ડી)
૨.૦૦, ૪.૦૦, ૮.૦૦
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ
(હિન્દી, ૩ડી)
૬.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
ડિયર જિંદગી
૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
ફોર્સ-૨
૭.૦૦
**સ્ક્રીન-૫**
કહાની-૨
૧૦.૦૦, ૨.૦૦,
૫.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૬**
કહાની-૨
૫.૦૦
ફોર્સ-૨
સવારે ૧૦.૦૦
ડીયર જિંદગી
૧.૦૦

# ઍમફિલ થયાં



ગાંધીનગર, તા. ૭

રાઓલ ચાવડા સુરેન્દ્રસિંહ ચંદ્રસિંહ (વરસોડા સ્ટેટ)નાં સુપુત્રી તથા વિરપુરા સોલંકી રણધીરસિંહ ગુલાબસિંહજીનાં પુત્રવધૂ (જનોડ) વિરપુરા દર્શનાબા કૃણાલસિંહ દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે ડૉ. મનુભાઈ પ્રજાપતિ (આર્ટ્સ કૉલેજ, પિલવાઈ)ના માર્ગદર્શન હેઠળ 'એ ડી શાસ્ત્રીની વક્રપ્રધ્યાની : એક અધ્યયન' વિષય સાથે ઍમફિલનો અભ્યાસ સફળતાપૂર્વક (૭૧.૮૩%) પૂર્ણ કરવામાં આવ્યો છે. શિક્ષણ જગત તરફથી તેમને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યાં છે.

# ગાંધીનગરનું અનોખું કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્ર


પ્રસંગસર
કુંતલ નિમાવત

મૈં તો અકેલા હી ચલા થા જાનિબે મંઝિલ મગર, લોગ મિલતે ગયે ઔર કારવાં બનતા ગયા....

નવરાત્રિ-૨૦૦૪.

સૅક્ટર-પ એ.

'બાળુડાના ગરબા' કાર્યક્રમ.

આયોજક સંસ્થા જી ઈ ક્લબ (ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ)

યજમાન સૅક્ટર-પ એ નવરાત્રિ મહોત્સવ સમિતિ.

ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમ વખત આયોજિત માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે આયોજિત આ ખાસ ગરબા કાર્યક્રમને સૅક્ટર-પના વસાહતીઓએ એવો તો વધાવ્યો કે પછી એ ગાંધીનગરનો નિયમિત કાર્યક્રમ બની ગયો ને હજુય પ્રતિ નવરાત્રિ એ વધુ ને વધુ ઉત્સાહથી ઉજવાય છે. ગાંધીનગર સમાચારના વાચકોને યાદ હશે કે આ નવરાત્રિ દરમ્યાન તો આ કાર્યક્રમ બે વખત આયોજિત થયો હતો. પ્રથમ વર્ષ પછી તો એમાં માનસિક વિશિષ્ટ ઉપરાંત શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓને પણ જોડવામાં આવે છે અને એમની સાથે શહેરના ખેલૈયાઓ પણ મોજથી ગરબા રમે છે. એમાં એટલી વ્યક્તિઓ ને સંસ્થાઓનો સહયોગ મળ્યો છે કે એ યાદી લખવા બેસીએ તો લેખના શબ્દોની મર્યાદા એમાં જ પૂર્ણ થઈ જાય. એટલે અહીં એ સૌને માત્ર સન્માનપૂર્વક નમન.

આ કાર્યક્રમનો મૂળ વિચાર શહેરના જ સંવેદનશીલ યુવાન જિજ્ઞેશ રાવલનો. માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના ક્ષેત્રમાં જ એનું વિશિષ્ટ શિક્ષક તરીકેનું કામ. વિશિષ્ટ અને સામાન્ય વ્યક્તિઓ એક જ સ્થળે એકત્ર થાય, આનંદ માણે ને આ રીતે બંને વચ્ચેનું અંતર દૂર થાય, બંને નજદીક આવે એ આશયથી રચાયેલા આ કાર્યક્રમે ખરેખર બંને વચ્ચેનું અંતર દૂર કરવામાં સફળ નીવડ્યો છે. અને હા, માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે અત્યારે રાજ્યભરમાં 'બાળુડા' શબ્દ બિનસત્તાવાર રીતે સ્વીકારી લેવામાં આવ્યો છે એ પણ આ કાર્યક્રમની જ દેન છે એ ખાસ ઉલ્લેખનીય બાબત.

૨૦૦૫થી શહેરમાં વસતાં માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના વાલીઓની નિયમિત બેઠકોનો સિલસિલો જિજ્ઞેશે શરૂ કર્યો. હેતુ એ હતો કે જો સરખાં વાલીઓ એકત્ર થાય તો એકમેકની મૂંઝવણો ઉકેલી શકે ને બાળકોના વિકાસ માટે કંઈક સર્જનાત્મક કરી શકે. જેમ-જેમ જાણ થતી ગઈ તેમ-તેમ વધુ ને વધુ વાલીઓ જોડાતા ગયા. ૨૦૦૯માં જિજ્ઞેશની સાથે મીરાં ગઢવી પણ આ કાર્યમાં જોડાયાં, જે પણ વિશિષ્ટ શિક્ષક છે. સમય જતાં સંગઠનને પગભર કરવાનો વિચાર મૂકવામાં આવ્યો મતલબ કે વાલીઓ પોતે જ સંગઠન ચલાવે. આવું સંગઠન અમદાવાદ ખાતે સફળતાપૂર્વક ચાલી રહ્યું હતું એની પ્રેરણા લઈને ૨૦૧૦માં 'સાધના' નામે સંસ્થાની શરૂઆત કરવામાં આવી જે માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના વાલીઓની સંસ્થા છે ને આજે આ સંસ્થામાં ૫૫ જેટલા વાલીઓ જોડાયેલા છે. સંસ્થા વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરે છે ને મૂળ કાર્યક્રમ 'બાળુડાના ગરબા'નું આયોજન પણ સફળતાપૂર્વક કરે છે.

સક્રિય સભ્યો મળ્યા પછી સાધનાએ પ્રવૃત્તિઓમાં પાછું વળીને જોયું નથી. ગંગારામભાઈ પટેલ, ભાનુભાઈ ચૌહાણ ને એમની સફળ ટીમે સંસ્થાને નમૂનેદાર બનાવવાનું સ્વપ્ન જોયું હતું તે સાકાર કરવાની દિશામાં ઝડપી દોટ મૂકી ને એમના સક્રિય પ્રયાસોને પ્રતાપે રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા 'સાધના'ને કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્ર સ્થાપવાની મંજૂરી આપવામાં આવી. એક એવું કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્ર જે માત્ર માનસિક વિશિષ્ટ બાળકો માટે જ કાર્યરત હોય !

૧૫ ઑગષ્ટ, ૨૦૧૬ના રોજ સૅક્ટર-૨૦ ખાતે આ કેન્દ્રની વિધિવત શરૂઆત કરવામાં આવી અને હાલ ૧૦ છોકરાઓ તથા ૧૦ છોકરીઓ સહિત કુલ ૨૦ માનસિક વિશિષ્ટ વિદ્યાર્થીઓ બે શિક્ષકોના માર્ગદર્શનમાં આ કેન્દ્રમાં વિધિસર તાલીમ લઈ રહ્યા છે. હાલ ઍન્વેલપ (કાગળનાં કવર) તથા પૅપર બૅગ બનાવવાની તાલીમ તેઓને આપવામાં આવી રહી છે. છ માસની તાલીમ બાદ આ બાળકો વસ્તુઓનું જાતે ઉત્પાદન કરતાં થઈ જાય ત્યારે એ વસ્તુઓનું બજારમાં વેચાણ કરવા પણ સાધના તૈયાર છે.

સાધનાની સિદ્ધિ એ છે કે વર્તમાનમાં રાજ્યભરમાં માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે ગાંધીનગર ખાતે આ એક જ કૌશલ્ય વર્ધન કેન્દ્ર ચાલી રહ્યું છે.

સામાન્ય રીતે બને છે એવું કે માનસિક વિશિષ્ટ બાળક જેના ઘરમાં હોય એ વાલીઓ ખોટી શરમને વશ થઈને બાળકને ઘરમાં જ પૂરી રાખે છે કે સમાજથી દૂર રાખે છે. એવા બધા જ વાલીઓ માટે સાધનાએ પ્રેરણાદાયી રસ્તાનું સર્જન કર્યું છે. વાલીઓ સાથે મળીને પોતાનાં જ બાળકોના વિકાસ માટે કેટલા આગળ વધી શકે છે એ સાધનાએ પોતાના જ ઉદાહરણથી સાર્થક કરીને બતાવ્યું છે. અલબત્ત, સાધનાની વ્યથા એ છે કે હજુ બધાં જ વિશિષ્ટ બાળકોને આ સદ્ભાગ્ય મળ્યું નથી. એમને બહાર લાવવા માટે હજુ વધારે પ્રયાસોની આવશ્યકતા છે.

આજે ૮મી ડિસેમ્બરનો દિવસ માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે ત્યારે સાધનાના આ પ્રયાસોને સલામ કરીએ ને એ તરફ જોવા માટે સૌ વિશિષ્ટ બાળકોનાં સૌ વાલીઓને નમ્ર અરજ કરીએ.

**ખાસ વાત**

ગાંધીનગર જિલ્લામાં માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના ક્ષેત્રમાં હાલ સાધના ઉપરાંત નવજીવન ઍજ્યુકેશન ટ્રસ્ટ, સર્વ શિક્ષા અભિયાન, સ્પેશિયલ ઑલિમ્પિક્સ, માનવ સ્મૃતિ શાળા, સદ્ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સ્મૃતિવિકાસ શાળા, મંથન, હેત ફાઉન્ડેશન અને ગ્રો જેવી સંસ્થાઓ કાર્યરત છે.







